
## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




મમ્મી ઘઊ મોંઘા થઇ ગયા હોય તો તુ જરાય ચિંતા ના કરીશ તારા અને ડેડી માટે જ ખરીદી કર કાલથી હુ ઓન લાઇન ઓર્ડર કરીશ...!!

# વાવોલ મહાકાલ ઓટો ગેરેજ સામેથી ઝાયલો ગાડીની ચોરી

**રીપેરીંગ માટે આવેલી ગાડી ચોર શખ્સ ઉઠાવી ગયો, કાર ચોરીની ઘટના સીસીટીવીમાં કેદ, પોલીસ તપાસનો ધમધમાટ**

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર વાવોલ ખાતે મહાકાલ ઓટો કાર ગેરેજ એન્ડ વોશીંગ સામે ખુલ્લી જગ્યામાં પાર્ક કરેલી ઝાયલો ગાડી કોઈ શખ્સ ચોરી કરી લઈ ગયો છે. રીપેરીંગ માટે આવેલી ગાડી પાર્ક કર્યા બાદ ગણતરીના સમયમાં જ ચોરી થઈ છે.

જયારે કાર ચોરીની ઘટના સીસીટીવીમાં કેદ થઈ છે. સેકટર-૭ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના નાવીશણા ગામના વિજયકુમાર ગણેશભાઈ ભરીયાણી (રાવળ) હાલ ધેધુ ચોકડી પાસે વ્રજભુમી હોમ્સ ખાતે ફોઈના ઘરે રહે છે. જયારે વિજય રાવળ વાવોલ ખાતે મહાકાલ ઓટો કાર ગેરેજ એન્ડ વોશીંગ નામે ગેરેજ ચલાવે છે. ફોર વ્હીલ કારનું રીપેરીંગ અને સર્વિસનું કામ કરે છે.

ગત તા.૪ ના રોજ સાંજના સમયે ગોકુળ પરા ખાતે રહેતા મહેન્દ્ર સોમાભાઈ પટ્ટણી ગેરેજ પર ગયા હતા. તેઓએ પોતાની ઝાયલો ગાડી કુબેરનગર ખાતે બંધ હાલતમાં પડી હોવાથી ગાડી લાવીને રીપેરીંગ કરવા માટે વિજયને કહ્યું હતું.

જેથી વિજય અને ગેરેજના બે કારીગરો સાથે મહેન્દ્રભાઈ કુબેરનગર ગયા હતા. જયાં ગાડી ચેક કરતા તેની બેટરી ઉતરી ગઈ હોવાથી નવી બેટરી નાંખી ગાડી ચાલુ કરી દીધી હતી.

ત્યારબાદ ગાડી રીપેરીંગ માટે વાવોલ મહાકાલ ઓટો ગેરેજની સામે ખુલ્લી જગ્યામાં પાર્ક કરી હતી.

ત્યારબાદ વિજય અને અન્ય કારીગર ગેરેજમાં સુઈ ગયા હતા.જયારે મહેન્દ્રભાઈ અને કારીગર ઘરે જતા રહ્યા હતા. રાત્રીના પોણા એક વાગ્યા અરસામાં પાર્ક કરેલી ગાડી કોઈ શખ્સ રાત્રીના ૧.૩૪ ના સમયે લઈને જતો સીસીટીવી કેમેરામાં કેદ થયો છે.

એટલે કે ગાડી પાર્ક કર્યાના ગણતરીના સમયમાં જ ચોર શખ્સ રૂ.૩ લાખની ગાડી લઈ પલાયન થઈ ગયો હતો. સવારે વિજયે ઉઠીને જોયુ તો પાર્ક કરેલી જગ્યા પર ઝાયલો ગાડી ન હતી.જેથી ગાડીના માલિકને ફોન કરી પુછપરછ કરી હતી.તેઓએ ગાડી લઈ નહી ગયા હોવાની વાત કરી હતી.

જેથી વિજયે ગાડી માલિકને બોલાવી ગેરેજ પાસેની એચ. એલ. ગ્લાસ એલ્યુમિનિયમની દુકાન માલિક લવકુશભાઈને બોલાવી સીસીટીવી ફુટેજ ચેક કરતા રાત્રીના સમયે ૧.૩૫ કલાકે પ્રવેશી ગાડી ખોલીને માત્ર બે મિનીટમાં ઝાયલો લઈ રફુચક્કર થઈ ગયો હતો. ઝાયલો ગાડીની આજદીન સુધી તપાસ કરવા છતા તેની કોઈ ભાળ મળી આવી ન હતી. પરંતુ આજદીન સુધી ગાડી મળી નહી આવતા વિજયે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

# મહુડી ઘંટાકર્ણ મહાવીર મંદિરના ભંડારામાંથી રકમની ઉચાપતની બે ટ્રસ્ટીઓ સામે ફરીયાદ

ગાંધીનગર, તા.૬

જગપ્રસિધ્ધ મહુડી સ્થિત ઘંટાકર્ણ મહાવીર મંદિરના બે ટ્રસ્ટીઓ દ્વારા અંદાજીત રૂ.૪૫ લાખની કિંમતના સોનાના ૭૦૦થી ૮૦૦ ગ્રામ વજનના વરખ, સોનાની ચેઈન તેમજ ભંડારામાંથી રોકડ રકમની ઉચાપત કરવામાં આવી હોવાના આક્ષેપ થતા હોહા મચી ગઈ છે. મંદિરના ટ્રસ્ટી નિલેશ મહેતા અને સુનિલ મહેતા સામે માણસા પોલીસ મથકે ગુનો નોંધાતા પોલીસે તપાસ તેજ કરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મહુડી મંદિર ખાતે છેલ્લા ૧૨ વર્ષથી મુંબઈના ભુપેન્દ્રભાઈ શાંતિલાલ વોરા સેવા આપે છે. તેઓ ટ્રાન્સપોર્ટના વેપાર સાથે સંકળાયેલા છે. મહુડી મંદિરમાં ૮ ટ્રસ્ટીઓ છે, જેમાં વોરા સમાજના તેઓ અને વિનિતભાઈ વોરા અને શાહ સમાજના કુલ -૨ ટ્રસ્ટી છે. જેમાં રશ્મિકાંત શાંતિલાલ શાહ અને વિજય કલીતભાઈ શાહ છે. જયારે મહેતા સમાજના ચાર ટ્રસ્ટી છે. જેમાં નિલેશ કાંતિલાલ મહેતા, સુનિલ બાબુલાલ મહેતા, તેમજ જગદીશ કાંતિલાલ મહેતા તેમજ ગીરીશ મહેતા એપ્રિલ ૨૦૨૦થી ટ્રસ્ટી તરીકે કાર્ય કરે છે. મહુડી ઘંટાકર્ણ વીર ભગવાનના મંદિરમાં દાનપેટીમાં ભકતો દ્વારા જે ચડાવો ચડાવવામાં આવે છે. તે ભંડારો ટ્રસ્ટીઓની હાજરીમાં દર બે ત્રણ મહિને ખોલવામા આવે છે. જયારે ભંડારામાંથી નીકળતા રોકડા રૂપીયા તેમજ સોનાના દાગીનાની ગણતરી કરી ભંડાર પત્રકમાં નોંધ કરી માહીતી રાખવામાં આવે છે. જયારે દર વર્ષે દિવાળીમાં શ્રી ઘંટાકર્ણ મહાવીર દેવનો સંપૂર્ણ વર્ષનો સોનાનો વરખનો ઉતારો વર્ષમાં એક વખત ધનતેરસના દિવસે ઉતારવામાં આવે છે. જે મુજબ સોનાના વરખ ભરેલી ડોલ તિજોરીમાં મુકવામાં આવી હતી.પરંતુ ટ્રસ્ટીઓ દ્વારા આ ડોલ એક વખત ગળાવવા માટે નીકળી હતી. પરંતુ તે દિવસે ગળાવવાનું શકય ન બનતા તે ડોલ ટ્રસ્ટીઓની હાજરીમાં પાછળ જાળીમાં મુકી તાળુ માર્યુ હતું. ભુપેન્દ્રભાઈને શંકા જતા ૧૫ ફેબુઆરીના રોજ ટ્રસ્ટીઓની હાજરીમાં સોનાનો વરખ ગળાવવામાં આવતા ૭૦૦ થી ૮૦૦ ગ્રામ સોનું ઓછુ ઉતર્યુ હતું. દાદાના સોનાનો વરખ ચડાવો અને તે ગાળવામાં આવતુ તેની સામે ૬૦ટકા સોનાના વરખની વજનની માત્રા મળતી ન હતી.જેથી સ્ટાફના કર્મચારીઓની કડક પુછપરછ કરતા થોડા સમય પહેલા નિલેશ મહેતા (ઉમા સેતુ ફલેટ ગોદાવરી જૈન દેરાસર પાસે વાસણા૦ તેમજ પીનલપાર્ક સોસાયટી પાલડી ખાતે રહેતો સુનિલ બાબુલાલ મહેતા આવ્યા હતા. તેઓ સ્ટાફના કર્મચારીઓને સાથે રાખી વરખની ડોલ અને સોનાની લગડીઓ બહાર કાઢી એકાઉન્ટન્ટની ઓફિસમાં લઈ ગયા હતા. તે સમયે રાજુભાઈની ખુરશી પર નિલેશભાઈ બેઠા હતા અને તેઓની પાસે બે થેલા પડ્યા હતા.જયારે સુનિલભાઈ ગાદી પર બેઠા હતા. થોડીવાર પછી નિલેશભાઈએ સ્ટાફના કર્મચારીઓને જમવા માટે મોકલી દીધા હતા.પુજારીજી પાસે સુખડના વરખનું તેલ મંગાવી પોતાના હાથે અને શરીરે લગાવ્યું હતું. કેમ કે સોનાના વરખના ઉતારામાં સુખડના તેલનું મિશ્રણ હોય છે. જયારે જમીને કર્મચારીઓ પરત આવ્યા હતા તે સમયે બે થેલા ન હતા. ભુપેન્દ્રભાઈએ માહિતી મળી હતી કે નિલેશભાઈ ટ્રસ્ટી હોવા છતા મંદિરના ભંડારામાં ઉચાપત કરે છે.જયારે સીસીટીવી કેમેરામાં ચેક કરતા નિલેશભાઈની હિલચાલ શંકાસ્પદ જણાતા આવતા સોનાની ચેઈન, પૈસા ભરેલુ કવર ખિસ્સામાં મુકતા જોવા મળ્યા હતા. ત્યારબાદ ભંડારાનુ સુચીપત્ર ચેક કરતા ઉચાપત થઈહોવાનું માલુમ પડ્યું હતું. ત્યારે આ કેસની વધુ તપાસ એલસીબી-૧ પીઆઈ કરી રહ્યા છે.

# ચિલોડા ઓમ લેન્ડ માર્ક સ્કૂલમાં હનુમાન જયંતીની ઉત્સાહપૂર્વક ઉજવણી કરાઈ



ચૈત્ર સુદ પૂનમના રોજ તાઃ ૦૬/૦૪/'૨૩ ના દિવસે ઓમ લેન્ડમાર્ક સ્કૂલમાં હનુમાન જયંતી''ની ઉજવણી કરવામાં આવી,જેમાં વિદ્યાર્થીઓ દ્વારા હનુમાન ચાલીસા, રામધૂનનું પઠન તેમજ હનુમાનજી નો મહિમા અને જીવન ચરિત્ર વિશે માહિતી આપી હતી. જેમાં હર્ષોલ્લાસ સાથે ઓમ લેન્ડમાર્ક પરિવારે ભાગ લીધો હતો.

# એનઆરઆઈએ રૂ.૪૬ લાખ ચુકવ્યા છતાં ફલેટ ન મળતા બિલ્ડર સામે ફરીયાદ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરની કુડાસણ શુકન રોયલ સ્કીમના બિલ્ડરે ફલેટ આપવાના બહાને આફ્રિકાના વ્યકિત સાથે રૂ.૪૬ લાખ છેતરપિંડી આચરી છે. ફલેટનું બુકીંગ હોવા છતા બિલ્ડર દ્વારા પુરેપુરી સ્કીમ બાલાજી ઈન્ફ્રાસ્ટ્રકચરને બારોબાર વેચી મારવામાં આવી હતી. જયારે શ્રીફલ હાઈટ્સના બિલ્ડર દ્વારા ફલેટ અન્ય વ્યકિતને વેચાણ આપી દીધો હતો. ત્યારે ફલેટના રૂ.૪૬ લાખ આપ્યા પછી પણ ફલેટ નહી આપી ને છેતરપિંડી અને વિશ્વાસઘાતની ઈન્ફોસીટી પોલીસે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ છેલ્લા ચાર દાયકાથી આફ્રિકામાં સ્થાઈ થયેલા પીનાકીનભાઈ ગોવિંદભાઈ શર્મા મુળ પ્રાંતીયાના વતની છે. આફ્રિકામાં ટાયર કંપનીમાં નોકરી કરતા પીનાકીનભાઈ અવારનવાર ભારત આવતા જતા હોય છે. ગાંધીનગરમાં રહેવા માટે મકાનની જરુર હોવાથી કુડાસણ વિસ્તારમાં વર્ષ ૨૦૧૩ માં શુકન રોય કોર્પોરેશન દ્વારા મુકવામાં આવેલી શુકન રોયલ નામની ફલેટની સ્કીમ જોઈ હતી. ત્યારબાદ આ સ્કીમ પસંદ આવી જતા તેઓએ ઈ-૫૦૩ નંબરનો ફલેટ બુક કરાવ્યો હતો.જયારે ફલેટની કિંમત રૂ.૫૪ લાખ હતી. પરંતુ એક સાથે રોકડા રૂપીયા આપતા આ ફલેટ રૂ.૪૬ લાખ ૧૨ હજાર હતી. જેથી પીનાકીનભાઈએ સ્કીમના માલિક રમેશભાઈ વરવાભાઈ પટેલ (રહે દેવ આર્ય બંગલો ઉમા પાર્ટી પ્લોટની બાજુમાં મોટેરા) ફલેટની રકમ એક કાગળમાં લખી આપી હતી.

પીનાકીનભાઈએ રૂ.૨૮ લાખ બે ચેકમાં શુકન રોયલ કોર્પોરેશનના નામે આપતા પૈસાની પહોંચ પણ આપી હતી. પરંતુ રૂ.૧૬ લાખ રોકડાની એન્ટ્રી ડાયરીમાં સાંકેતીક ભાષામાં લખી આપી હતી. જયારે આ સ્કીમ બે વર્ષમાં પુર્ણ કરી ફલેટ આપવાનો બિલ્ડર દ્વારા વાયદો કરાયો હતો.

ત્યારબાદ પીનાકીનભાઈ પરત આફ્રિકા જતા રહ્યા હતા. જયારે છ માસ બાદ પીનાકીનભાઈને ખબર પડી કે શુકન રોયલ ના માલિક રમેશ પટેલ સ્કીમ આશિષભાઈ નામના વ્યકિતને વેચી મારી છે. પરંતુ જે તે સમયે તેઓ આફ્રિકાથી ગાંધીનગર પરત આવી શક્યા ન હતા. જયારે બે વર્ષ બાદ આ સ્કીમ શ્રીફળ હાઈટ્સના નામની બની ગઈ છે. તેમના ભત્રીજાએ શ્રીફળ હાઈટ્સના વ્યકિતઓ સાથે ચર્ચા કરતા તેમણે વધુ રૂ.૮ લાખ આપે તો ફલેટ આપવાની વાત કરી હતી. જયારે શ્રીફળ હાઈટ્સનું ડેવલપમેન્ટ કરતા બાલાજી ઈન્ફ્રાસ્ટ્રકચર દ્વારા બુક કરેલા ફલેટમાં વર્ષ ૨૦૧૫માં અન્ય વ્યકિતને વેચી મારવામાં આવ્યો હતો. જયારે તેના બદલામાં ખરાબ સ્થિતમાં હોય તેવો ફલેટ આપવાની સાથે વધુ રૂપીયા માંગણી કરતા હતા. જેથી પીનાકીન ભાઈએ ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# ઘ-૫ પાસે ડમ્પરની અડફેટે બાઈક ચાલકને ઈજા

ગાંધીનગર,તા.૬

ગાંધીનગર શહેરમાં ડમ્પર ચાલકો બેફામ ગતિએ દોડાવી ગમે તે સમયે અકસ્માત નોંતરે છે. શહેરમાં નાના મોટા અકસ્માતમાં નાગરીકોને ઈજા પહોંચે છે.

ત્યારે શહેરમાં માતેલા સાંઢની જેમ દોડતા ડમ્પર ચાલકે ગતરાત્રીના સમયે ઘ-૫ પાસે બાઈક ચાલકને અડફેટે લેતા યુવકને ઈજા પહોચી હતી. ઈજાગ્રસ્ત યુવકને તાત્કાલીક સારવાર માટે ગાંધીનગર અને ત્યાંથી અમદાવાદ સિવિલ લઈ જવાયો હતો. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ કુડાસણ વેદિકા એપાર્ટમેન્ટ ખાતે રહેતો આકિબ ઉશ્માનભાઈ સીરેસીયા ગઈકાલે રાત્રીના પોણાબાર વાગ્યાના સુમારે મિત્રો સાથે ચ-૫ થી ઘ-૫ સર્કલ ખાતે આવતા હતા.તે સમયે ઘ-૫ સર્કલ પાસે ઘ-૬ તરફથી એક બાઈક ચાલક આવી રહ્યો હતો.

તે સમયે ઘ-૫ પાસે પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી ડમ્પર ચાલકે બાઈક ચાલકને અડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો.જેમાં બાઈક ચાલક નીચે પટકાતા શરીરે ઈજાઓ પહોંચી હતી. બાઈક ચાલક યુવકને માથામાં જમણા ભાગે, જમણા કાને, તેમજ હાથની આંગળીમાં ઈજા પહોંચી હતી. જયારે યુવકનો બાઈક નં.જી.જે.૨૭.બી.એફ.-૩૫૮૬ હોન્ડા સાઈન હતું.

જયારે ડમ્પરનો પીછો કરવા છતા તે નાસી ગયો હતો. જયારે ઈજાગ્રસ્ત યુવક અમદાવાદના ધોરીવાવ ગામડી ગામનો હતો અને તેનુ નામ વિક્રમ હીરાભાઈ ઠાકોર હોવાનું સામે આવ્યું હતું.

જયારે ઈજાગ્રસ્તને સારવાર માટે અમદાવાદ સિવિલ લઈ ગયા હતા. જયારે ડમ્પર ચાલક સામે ફરીયાદ નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# ગાંધીનગર ખાતે વાજબી ભાવના દુકાનદારોનો વર્કશોપ યોજાયો




ગાંધીનગર, તા. ૬

ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ કંઝ્યુમર અફેર્સ, ફુડ એન્ડ પબ્લિક ડિસ્ટ્રીબ્યુશનની સુચનાથી વાજબી ભાવના દુકાનદારોની પોષણ ક્ષમતામાં વધારો થાય, વાજબી ભાવની દુકાનેથી કોમન સર્વિસ સેન્ટર (ઝજીઝ) સેવાઓ, નોન પીડીએસ ચીજવસ્તુઓનું વિતરણ, બેંકીંગ/બિઝનેશ કોરસપોન્ડસ, ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેંક જેવી સેવાઓ સામાન્ય નાગરિક સુધી સરળતાથી પહોંચી શકે તેવા ઉમદા આશયથી નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા કચેરી અને જિલ્લા પુરવઠા અધિકારીની કચેરી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે તા.૦૫ એપ્રિલ, ૨૦૨૩ના રોજ સેકટર-૧૫ની વાણિજય કોલેજ ખાતે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. સી.એસ.સી. તથા એસ.પી.વીના રાજયના વડા શ્રી જયેશ ભાનુશાળીએ ઇ- સ્ટોર બાબતે વિસ્તૃત માહિતી આપતાં જણાવ્યું હતું કે, સરકાર તથા સી.એસ.સી. તથા એસપીવીની સાથે મળીને એફ.એસ.પી સંચાલકશ્રીઓની આવકની પોષણ ક્ષમતામાં વધારો કરવા માટે એક પ્રશસંનીય પગલું ભરવામાં આવ્યું છે. જેમાં કોમન સર્વિસ સેન્ટર મેળવવા ઈચ્છતા સંચાલકોને આ સર્વિસ સેન્ટર માટેનું આઇ.ડી આપવામાં આવશે. જેમાં ભારત સરકારની જુદી જુદી યોજના જેવી કે, બીલ પેમેન્ટ, આધારથી ખાતામાંથી પૈસા ઉપાડ-જમા, પોસ્ટ ઓફિસ મિત્ર, બેકિંગ સેવાઓ, વિધવા પેન્શન, ઈ-નિર્માણ કાર્ડ, આધાર અપડેશન, પાક વીમા માટેની યોજના જેવી વિવિધ સેવાઓ સામાન્ય નાગરિક સુધી સી.એસ.સી. દ્વારા કેવી રીતે પહોંચાડી શકાય છે, તેની વિસ્તૃત માહિતી સરળ ભાષામાં આપી હતી. જન આરોગ્યની કામગીરી સાથે સંકાળાયેલ આંતરાષ્ટ્રીય પ્રખ્યાત સંસ્થા 'ન્યુટ્રીશન ઈન્ટરનેશનલના ડિવિઝનલ કો.ઓર્ડીનેટર શ્રી મનુભાઈ પરમાર દ્વારા પી.એમ. પોષણ અંતર્ગત ફુડ ફોઈટિફિકેશન કાર્યક્રમ, ડબલ ફોર્ટીફાઈડ મીઠું, ફોર્ટીફાઈડ ચોખા, તેલ, લોટ તેના ફાયદા, વિતરણ વ્યવસ્થા, કુપોષણ, એનેમિયા, અને તેને સંબંધિત બિમારીઓના ઈલાજ માટે સરકારની ફૂડ ફોર્ટિફિકેશન યોજનાની વિસ્તૃત માહિતી પ્રેઝન્ટશન આપીને સંચાલકશ્રીઓને માહિતગાર કર્યા હતા. તેમજ આ બાબતે રેશનકાર્ડ ધારકોને સમજ આપવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સમગ્રપણે વાજબી ભાવના દુકાનદારોની પોષણ ક્ષમતા વધારવા માટેના જનજાગૃત્તિ અભિયાનના ભાગરૂપે ગાંધીનગર જિલ્લા પુરવઠા કચેરીની ટીમ દ્વારા ભારે જહેમત ઉઠાવવામાંઆવી હતી. આ વર્કશોપમાં અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગના નાયબ સચિવ શ્રીમતી નયનાબેન પટેલ, સંયુક્ત નિયામક શ્રી જે.કે.જેગોડા, નાયબ નિયામકશ્રીમતીનિલાબેનશાહ,જિલ્લા પુરવઠાઅધિકારીશ્રીશ્વેતાપંડયા,ઝજીઝ ટીમ તથા ગાંધીનગર જિલ્લાના તમામ વાજબીભાવનીદુકાનનાસંચાલકશ્રીઓ ઉપસ્થિતરહ્યાહતા.

# શ્રી બહુચરમાતાજીનો ૧૮મો પાટોત્સવ ચિલોડા ખાતે ઉજવાયો



ચિલોડા, તા. ૬

ગાંધીનગર તાલુકાના ચિલોડા ગામના મુખ્ય પ્રવેશદ્વારે આવેલું એકમાત્ર શ્રદ્ધા અને આસ્થાના પ્રતિક સમા તળાવના કાંઠે શ્રી બહુચરમાતાજીના મંદિરે આજે ચૈત્ર સુદ પુનમના દિવસે શ્રી બહુચરમાતાજીનો ૧૮મો પાટોત્સવ નિમિત્તે ગામના અગ્રણી વિષ્ણુભાઈ સી. પટેલ એડવોકેટના યજમાનપદે ભવ્ય યજ્ઞ હવનનો કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વહેલી સવારથી શાસ્ત્રીજી રાજુભાઈ રાવલના સાનિધ્યમાં આ હવન-યજ્ઞનું ભવ્ય આયોજન ગામના માઈભક્તો દ્વારા સાંજના સુમારે હવન હોમવાના સમયે દર્શનાર્થીઓ આવી દર્શન કરી પ્રસાદનો લ્હાવો લઈ ધન્યતા અનુભવી હતી. હવન નિમિત્તે યથાશક્તિ પ્રમાણે દાન આપી ધર્મપ્રેમીઓએ ધર્મ બજાવી ધન્યતા અનુભવી હતી.

## ખૂણેખાંચરેથી

●ગાંધીનગર જિલ્લામાં મસાલાના ભાવમાં થયેલા વધારાથી મધ્યમવર્ગની મુશ્કેલીઓ વધી છે.

●ગાંધીનગરના છેવાડાના સેક્ટરોમાં ગટરોમાંથી દુર્ગંધ આવતી હોવાથી રહીશોની પરેશાનીઓ વધી છે.

●કોવિડ-૧૯ના સામના માટે ચાલી રહેલી તૈયારીઓની સમીક્ષા આજે રાજયકક્ષાએથી વિડીયો કોન્ફરન્સના માધ્યમથી કરાઈ હતી.

●ગાંધીનગરમાં ગરમીમાં વધારાની સાથે પેયજળની માંગ પણ વધવા પામી છે.

● રાજયમંત્રીમંડળના ૧૦૦ દિવસના શાસનના મહત્વના નિર્ણયોને લઈ ગાંધીનગરમાં હોર્ડિંગ્સ લગાવવામાં આવ્યા છે.

●આજે વિશ્વ આરોગ્ય દિવસ છે "આરોગ્ય સૌના માટે"ની થીમ પર આ દિવસની ઉજવણી કરવામાં આવશે.

●દહેગામમાં બેફામ કાર ચાલકની એકટીવાને ટક્કર બાદ શિક્ષિકાના મોત પછી સારવાર હેઠળ રહેલ પતિનું પણ અવસાન થતાં શહેરમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

●ગાંધીનગરમાં ગાડીચાલકે અકસ્માત સર્જી થયેલા નુકશાનની ભરપાઈ ન કરતાં મોટરસાયકલ ચાલકે ફરિયાદ નોંધાવી છે.

●ગાંધીનગરના વેપારીની ગાડીને અજાણ્યા ટેન્કર ચાલકે ક-૫ પાસે ટક્કર મારતાં અકસ્માત થયો હતો જે અંગે પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

●ગાંધીનગરમાં બસમાં ચડતી વખતે વધુ એક યુવાનનો ફોન ચોરાયાની ઘટના નોંધાઈ છે.

●વાવોલ ખાતે ગેરેજ આગળ પાર્ક કરેલી ગાડીની ઉઠાંતરી થયાની ઘટનાએ ચકચાર મચાવી છે.

●સોનારડા ગામે ગાડીના ચાલકે રીક્ષાને પાછળથી ટક્કર મારી અકસ્માત સર્જ્યો હોવાનું નોંધાયુ છે.

●માણસામાં એક શખ્સે ઉછીના લીધેલા પૈસા પરત આપી દેવાનુ કહીને યુવાન પર પત્થરમારો કર્યો હોવાની ઘટના નોંધાઈ છે.

●કલોલ જાયન્ટ્સ કલબ દ્વારા પાણીની પરબ શરૂ કરવામાં આવી છે.

●શહેરમાં આજે હનુમાન જયંતિ નિમિત્તે વિવિધ સ્થાનો પર સુંદરકાંડના પાઠના આયોજન થયા હતા.

●નવમીની સ્પર્ધાત્મક પરીક્ષાને લઈ આયોજન અને તાલિમમાં તંત્ર આજે વધુ વ્યસ્ત રહ્યુ હતુ.

●જિલ્લામાં તલાટીઓ દ્વારા બદલી અંગે ભલામણોનો મારો ચાલ્યો હોવાની વાતો ચર્ચાઈ રહી છે.

# ગાંધીનગર જિલ્લામાં ગુજરાત STEM ક્વિઝ 2.0 ૧૪મીના રોજ યોજાશે

ગાંધીનગર, તા. ૬

ગુજરાત સરકારના સાયન્સ અને ટેકનોલોજી વિભાગ અને ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી ધ્વારા ગુજરાત જીઈસ ક્વિઝ ૨.૦ નું આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગર જિલ્લાની STEM ક્વિઝ ૨.૦ તારીખ ૧૪ એપ્રિલ ૨૦૨૩ ના રોજ બપોરે ૨ થી ૩ દરમિયાન યોજાશે.

અત્રે ઉલ્લેખનીએ છે કે STEM ક્વિઝમાં ગાંધીનગર જિલ્લાના ધોરણ ૯ થી ૧૨ ના ૨૭૦૦૦ બાળકોએ રજીસ્ટ્રેશન કર્યું છે. ઓનલાઇન યોજાનાર આ ક્વીઝમાં રજીસ્ટ્રેશન કરેલ વિદ્યાર્થીઓને યુઝર આઇડી અને પાસવર્ડ તેમના મોબાઈલ નંબર પર મોકલી દેવામાં આવ્યા છે.

આ ક્વીઝમાં ભાગલેનાર વિદ્યાર્થીઓમાંથી દરેક તાલુકામાંથી ૧૦ વિદ્યાર્થીઓની પસંદગી રાજ્ય કક્ષા માટે થશે એટલે કે દહેગામ, ગાંધીનગર, માણસા, કલોલ, અને મહાનગર પાલિકામાંથી કુલ ૫૦ વિદ્યાર્થીઓની પસંદગી થશે.

આ વિજેતા વિદ્યાર્થીઓને ડ્રોનકીટ, રોબોટિકકીટ, ટેલીસ્કોપ વગેરેમાંથી કોઈ એક ઈનામ આપવામાં આવશે સ્ટેટ લેવલ વિજેતા વિદ્યાર્થીઓને લેટેસ્ટ લેપટોપ,ટેબ્લેટ જેવા ઈનામો મળશે. તેમજ વિજેતા વિદ્યાર્થીઓને બુટ કેમ્પમાં ભાગ લેવાની તથા NSFU, ઈસરો, સાયન્સ સીટી, પ્લાઝમા રિસર્ચ સેંટર, ભાભા એટોમિક રિસર્ચ સેન્ટર, મુંબઈ જેવી ખ્યાતનામ સંસ્થાઓની મુલાકાત લેવાની તક મળશે.